તાપમાન
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૦૨ | ૨૨ જૂન, ૨૦૧૬, બુધવાર ; જેઠ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઈસરો આજે રેકોર્ડ ૨૦ સેટેલાઈટ લોંચ કરશે

**વિશ્વની નજર કેન્દ્રિત : શ્રીહરિકોટાના સતિષ ધવન સ્પેસ સેન્ટરથી ઉપગ્રહો લોંચ કરાશે : હજુ સુધીના સૌથી મોટા લોન્ચિંગની સાથે જ ઇસરો વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરશે : ૨૦ ઉપગ્રહોનું કુલ વજન ૧૨૮૮ કિલોગ્રામ**



નવી દિલ્હી,તા. ૨૧

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) આવતીકાલે તેની યશકલગીમાં વધુ એક મોરપીછું ઉમેરવાની તૈયારીમાં છે. ઈસરોના ઈતિહાસમાં વધુ એક પ્રકરણ આવતીકાલે ઉમેરાઈ જશે. કારણ કે, શ્રીહરિકોટાથી આવતીકાલે રેકોર્ડ ૨૦ ઉપગ્રહોને એક સાથે લોંચ કરવામાં આવનાર છે. આના માટેનું કાઉન્ટડાઉન શરૂ થઇ ગયા બાદ તમામ પરિબળો યોગ્યરીતે કામ કરી રહ્યા છે. આમા પૃથ્વી સંબંધિત સૂચનાઓ એકત્રિત કરનાર ભારતના નવા ઉપગ્રહોનો સમાવેશ થાય છે. એલએબી દ્વારા અભિયાનને મંજુરી આપી દેવામાં આવ્યા બાદ તેનું કાઉન્ટડાઉન શરૂ કરવામાં આવ્યું હતું. દુનિયા માટે ઈસરો હવે સસ્તા વિકલ્પ તરીકે છે. હજુ સુધીના સૌથી મોટા લોંચ તરીકે આને ગણવામાં આવે છે. એક સાથે ૨૦ ઉપગ્રહો એક જ રોકેટથી લોંચ કરવામાં આવનાર છે. આંધ્રપ્રદેશમાં શ્રીહરિકોટા ખાતેના સતિષ ધવન સ્પેસ સેન્ટરથી તમામ ઉપગ્રહ છોડવામાં આવશે. ઈસરોએ એક પછી એક સિદ્ધિઓ હાંસલ કરવાની તૈયારી કરી છે. સોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ (પીએસએલવી-સી૩૪)નો ઉપયોગ આ સેટેલાઈટ લોંચ કરવા માટે કરવામાં આવનાર છે. ભારતના કાર્ટોસેટ-૨ ઉપગ્રહ પણ લોંચ કરવામાં આવનાર છે. સતિષ ધવન સ્પેસ સેન્ટર ખાતે હાલમાં જોરદાર તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. પીએસએલવી-સી૩૪ ૧૯ કો પેસેન્જર સેટેલાઈટને લોંચ કરશે. આ તમામનું વચન ઉંડાણ વેળા ૫૬૦ કિલોગ્રામની આસપાસનું રહે છે. ઈસરોનું કહેવું છે કે, તમામ ૨૦ ઉપગ્રહોનું કુલ વજન ૧૨૮૮ કિલોગ્રામનું રહેશે. કો પેસેન્જર સેટેલાઈટમાં અમેરિકા, કેનેડા, જર્મની અને ઈન્ડોનેશિયાના સેટેલાઈટનો પણ સમાવેશ થાય છે. તમામ ઉપગ્રહોમાં ત્રણ સ્વદેશી અને ૧૭ વિદેશી ઉપગ્રહો છે. સૌથી પ્રમુખ ઉપગ્રહ ઈસરોના કાર્ટોસેટ-૨ છે. તેનું વજન ૭૨૭.૫ કિલોગ્રામ છે. આ ઉપગ્રહ પૃથ્વીનું નિરીક્ષણ કરશે. બે ભારતીય યુનિવર્સિટીના સેટેલાઈટ પણ સામેલ છે. વર્ષ ૨૦૦૮માં એક જ મિશનમાં ભારતે ૧૦ સેટેલાઈટને એક સાથે પરિભ્રમણ કક્ષામાં મુકીને ઈતિહાસ સર્જ્યો હતો. હવે એક સાથે ૨૦ સેટેલાઈટ લોંચ કરવાની તૈયારી ઈસરો દ્વારા હાથ ધરવામાં આવી છે. ઈસરોને આના કારણે જંગી આવક થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઉપગ્રહ લોંચ કરવાને લઈને ભારત મોટા કારોબારની દિશામાં છે. ઈસરોએ આના માટે વિશ્વના દેશોને આમંત્રણ આપ્યું છે.

# સમગ્ર દેશ યોગમય બન્યો

**મોદીએ ચંદીગઢમાં ૩૦ હજારથી વધુ લોકો સાથે યોગ સાધના કરી : તમામ ભાગોમાં યોગ સાધનાના શાનદાર અને ભવ્ય કાર્યક્રમમાં લોકો ઉત્સાહ સાથે જોડાયા**



ચંદીગઢ,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક આંતરરાષ્ટ્રીય યોગા દિવસનું આજે નેતૃત્વ કર્યું હતું. મોદીએ પોતે ચંદીગઢના કેપિટલ કોમ્પ્લેક્સ ખાતે ૩૫ હજારથી વધુ લોકોની સાથે ઉત્સાહપૂર્વક યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં તેમની સાથે પંજાબના મુખ્યપ્રધાન પ્રકાશસિંહ બાદલ અને હરિયાણાના મુખ્યપ્રધાન મનોહરલાલ ખટ્ટર પણ ઉપસ્થિત રહ્યા હતા. ભારતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે ૧૯૧ દેશોનું નેતૃત્વ કર્યું હતુ. આજે સવારે મોદી પોતે પણ યોગાસન કરવા માટે બેસી ગયા હતા. આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પરિપૂર્ણ કરી લેવામાં આવી હતી. મુખ્ય કાર્યક્રમ ચંદીગઢમાં યોજાયો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ઉપસ્થિત રહ્યા હતા અને યોગાસન કાર્યક્રમમાં જોડાયા હતા.

મોદીએ પોતે યોગાસન કરીને નવો દાખલો બેસાડ્યો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોદી સવારે જે સ્થળ પર પહોંચી ગયા હતા. ત્યારબાદ થોડી મિનિટ સુધી ઉપસ્થિત રહેલા લોકોને સંબોધન કર્યું હતું. ત્યારબાદ યોગ કાર્યક્રમની વિધિવત શરૂઆત થઈ હતી. ૩૫-૪૦ મિનિટ સુધી આ કાર્યક્રમ ચાલ્યો હતો જેમાં જુદા જુદા આસનો ઉપસ્થિત ૩૫૦૦૦થી પણ વધુ લોકોએ કર્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત સાત વાગે થઈ હતી.

# વિશ્વ યોગ દિવસની રાજ્યભરમાં ઉજવણી







**મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં હજારો નાગરિકો યોગ સાધનામાં જોડાયા : અમદાવાદના રિવરફ્રન્ટ ઉપરાંત રાજ્યમાં અનેક જગ્યાએ ખાનગી પ્લોટ, ઉદ્યાનો અને અન્ય વિવિધ જગ્યાએ ઉપર યોગના કાર્યક્રમ યોજાયા**

અમદાવાદ,તા. ૨૧

ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ આજે



આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે આયોજિત અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતેના કાર્યક્રમમાં હજારો લોકો સાથે ઉપસ્થિત રહ્યા હતા. આનંદીબેને યોગ સાધનામાં ભાગ લઈને ગુજરાતનુ નેતૃત્વ કર્યુ હતુ. જીએમડીસી ખાતે આયોજિત યોગ કાર્યક્રમમાં ૧૭ હજારથી વધારે લોકો હાજર રહ્યા હતા. યોગ સાંકળ રચીને નવો વિક્રમ સર્જવામાં આવ્યો હતો. યોગ કાર્યક્રમમાં ભાગ લેવા લાવવા અને લઈ જવા માટે એએમટીએસ અને એસટી બસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં લાલ બસનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. યોગ કાર્યક્રમની શરૂઆત ૬.૩૦ વાગે કરવામાં આવી હતી. સ્કુલી બાળકો પણ વહેલી સવારે નિર્ધારિત સમય મુજબ પહોંચી ગયા હતા. મુખ્ય કાર્યક્રમ જીએમડીસી ઉપરાંત શહેરના નિકોલ, રિવરફ્રન્ટ, ઓડા, મ્યુનિસિપલ બગીચા, ખાનગી પ્લોટ તેમજ સોસાયટીમાં પણ યોગના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

વિવિધ સ્કુલના બાળકોએ જુદી જુદી થીમ પર પ્રથમ વખત નૃત્ય રજૂ કરીને તમામને રોમાંચિત કરી દીધા હતા. સવારમાં બીઆરટીએસના રૂટ બંધ રાખવામાં આવ્યા હતા. ટ્રાફિકના નિયમોમાં પણ સવારમા ફેરફાર કરવામાં આવ્યા હતા. વિશ્વ યોગ દિવસે ગુજરાતમાં ૪૦ હજારથી વધારે સ્થળ પર એક કરોડથી વધુ લોકો યોગસાધનામાં સ્વયંભુ સામેલ થયા હોવાના હેવાલ મળ્યા છે. એકલા અમદાવાદ જિલ્લામાં ૧૨૯૧ સ્થળોએ સાત લાખથી વધારે લોકો યોગમાં સહભાગી થયા હતા.

# સૌરાષ્ટ્રમાં મેઘરાજાની પધરામણી

**ઘણી વિસ્તારોમાં ભારે વરસાદ : અમરેલી જિલ્લાના સમુખેતી ગામમાં કલાકોમાં જ બે ઈંચ વરસાદ : અમદાવાદમાં વાદળછાયુ વાતાવરણ વચ્ચે આજે વરસાદની વકી : સુરતમાં પણ મેઘરાજાની એન્ટ્રી : ગુજરાતના ૫૦ તાલુકામાં ઝાપટાથી બે ઈંચ વરસાદ**

અમદાવાદ, તા. ૨૧

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની એન્ટ્રી થતાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. મોનસુનની રાહ જોવામાં આવી રહી છે ત્યારે ગુજરાતમાં આની શરૂઆત થઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ ૫૦ તાલુકાઓમાં ઝાપટાથી બે ઈંચ સુધીનો વરસાદ થયો છે. અમરેલી જિલ્લામાં કલાકોના ગાળામાં બે ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજુલા, સમુખેતી ગામમાં ભારે વરસાદ નોંધાયો છે. ફલડ કન્ટ્રોલ રુમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં પૂર્વ અને મધ્ય ગુજરાતના ખેડા જિલ્લાના તાલુકાઓમાં ૧થી ત્રણ મીમી વરસાદ નોંધાયો છે. આણંદ જિલ્લાના ઉમરેઠમાં છ મીમી વરસાદ થયો છે. છોટાઉદેપુર જિલ્લાના તાલુકાઓમાં બાડોલીમાં પાંચ મીમી અને ક્વાંટમાં ચાર મીમી વરસાદ થયો છે.

પંચમહાલમાં ધોધમાર વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. મોરવાહડપ, કલોલ, મહિસાગર જિલ્લાના સંતરામપુર, બાલાસિનોર, લુણાવાડામાં બે મીમી વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં ભરુચ જિલ્લાના તાલુકાઓમાં વરસાદ નોધાયો છે જેમાં ઝઘડિયામાં પાંચ મીમીનો સમાવેશ થાય છે. નર્મદા જિલ્લાના તાલુકાઓમાં સાગબારામાં ચાર મીમી, તાપી જિલ્લાના તાલુકાઓમાં નિર્ઝરમાં ૧૪ મીમી, સુરત જિલ્લાના માંગરોળ અને ઓલપાડમાં બે-બે મીમી વરસાદ નોંધાયો છે. ઉંમરગામમાં ૪૨ મીમી જેટલો વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદના કારણે ગરમીના પ્રમાણમાં ઘટાડો થયો છે. હવામાન વિભાગ તરફથી એકાએક પલટો આવ્યો છે. સૌરાષ્ટ્રના અમરેલીમાં આજે બપોર બાદ ભારે વરસાદ થયો હતો. બે ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ગયો હતો. સવારથી જ વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ બપોર પછી બે ઈંચ વરસાદ પડી ગયો હતો. સમુખેતી ગામમાં ચાર કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો.

# અમદાવાદમાં ૧.૧૯૬ કિલોગ્રામ હેરોઈનનો જથ્થો પકડાયો : બેની ધરપકડ

**નારકોટિક્સ કન્ટ્રોલ બ્યુરોને નોંધપાત્ર સફળતા હાથ લાગી : ઝડપાયેલા બંને શખ્સોની આકરી પુછપરછ દરમિયાન જથ્થો ક્યાંથી આવ્યો તે અંગેની વિગત પણ સપાટી ઉપર : વધુ કાર્યવાહી બાદ વધુ એકની અટકાયત**

અમદાવાદ,તા. ૨૧

અમદાવાદ સહિત ગુજરાતમાં પણ થોડા મોટાપાયે માદક દ્રવ્યો ઘુસાડવાના પ્રયાસો છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી રહ્યા છે અને આના ભાગરુપે હવે ચોક્કસ બાતમીના આધારે નારકોટિક્સ કન્ટ્રોલ બ્યુરોએ ૧.૧૯૬ કિલોગ્રામનો હેરોઈનનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

આ સંદર્ભમાં બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ બંને શખ્સોની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં એક ૪૦ વર્ષીય ગોપાલ ફકીરચંદ અને બીજો ૩૫ વર્ષીય કાંતિલાલ નાથુલાલ કલાલ છે અને આ બંને રાજસ્થાનના હોવાનું જાણવા મળ્યું છે. કાંતિલાલ રાજસ્થાનના ડુંગરપુરના ચિકલીનો રહેવાસી છે જ્યારે ગોપાલ ફકીરચંદ રાજસ્થાનના પ્રતાપગઢના મોહાકામપુરા ગામનો છે. તેમની આકરી પુછપરછ ચાલી રહી છે. બંનેની અમદાવાદના સારંગપુર વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી છે. બંને ઘણા સમયથી માદકદ્રવ્યોની હેરાફેરીમાં સામેલ હોવાનું ખુલ્યું છે.

પુછપરછ દરમિયાન આ બંને શખ્સોએ કબૂલાત કરી છે કે, રાજસ્થાનના પ્રતાપગઢમાં ગોવર્ધનપુરાના નિવાસી દિલવાર ખાન પાસેથી હેરોઈનનો આ જથ્થો તેમને મળ્યો હતો. આ ધરપકડ કરવામાં આવ્યા બાદ મુખ્ય સૂત્રધાર દિલવર ખાનની પણ ધરપકડ કરવામાં આવી ચુકી છે. ગોપાલ ફકીરચંદ પંચાલ છેલ્લા ઘણા વર્ષથી માદક દ્રવ્યોની હેરાફેરીમાં સામેલ હતો. વર્ષ ૨૦૦૨માં તે ત્રણ કિલો હેરોઈનના જથ્થા સાથે એલસીબી મુંબઈ ઝોનલ યુનિટ દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો તે ૨૨ મહિના આર્થરરોડ જેલમાં રહી ચુક્યો છે અને પેરોલ ઉપર હતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

